ગાંધીનગર સમાચાર

## જન્મદિને વધામણી



રેખાબેન વિષ્ણુભાઈ સાધુ
મો. ૯૮૯૮૦ ૨૧૬૨૭



અશ્વિનભાઈ બી ચક્રવર્તી
મો. ૯૪૨૪૦ ૧૬૮૧૩



દુર્વા જે વશિષ્ઠ
મો. ૯૦૩૩૩ ૬૯૭૦૮

# યંગ ક્વોલીટી અચીવર એવોર્ડ ડૉ. જે. એલ. મીનાને



ગાંધીનગર, તા. ૧૯

કોન્સોર્ટિયમ ઓફ એક્રેડીએટેડ હેલ્થકેર ઓર્ગેનાઈઝેશન (CAHO) એક બિન-નફા કારક સંગઠન છે. જેની રચના એક્રેડીએટેડ હેલ્થકેર સંસ્થાઓની ગુણવત્તા સુધારવા જરૂરિયાત મુજબની સુવિધાઓ પૂરી કરવા માટે કરવામાં આવી હતી. CAHO નો પ્રાથમિક ઉદ્દેશ આરોગ્ય સંસ્થાઓને રાષ્ટ્રીય માપદંડ (NABH, JCI etc) એક્રેડીએટેડ હોસ્પિટલો અને (NABL) એક્રેડીએટેડ લેબોરેટરીઓમાં હેલ્થકેર સેવાઓમાં ગુણવત્તા સુધારવા માટે NABH, JCI, NABL સાથે મળીને જરૂરીયાત મુજબ સહયોગ અને પ્રોત્સાહન આપવાનો છે. NABH, NABL અને JCI એક્રેડીએટેડ હેલ્થકેર સંસ્થાઓના શ્રેષ્ઠ પ્રયાસો અને કસોટી સર્વેક્ષણો એક બીજાસાથે શેર કરો. સમગ્ર ભારતમાં એક્રેડીએટેડ હેલ્થકેર સંસ્થાઓ દ્વારા પ્રોત્સાહન પૂરા પાડવા અને સતત ગુણવત્તા સુધારણા દ્વારા તમામ પક્ષકારો સાથે મળીને હેલ્થકેર સેવાઓની સલામતીમાં સુધારો પૂરો પાડવામાં આવે છે.

કોન્સોર્ટિયમ ઓફ એક્રેડીએટેડ હેલ્થકેર ઓર્ગેનાઈઝેશન (CAHO) દ્વારા તારીખ ૧૪ અને ૧૫ એપ્રિલ-૨૦૧૭ ના રોજ વીવાન્તા તાજ, દ્વારકા, ન્યુ દીલ્લી ખાતે CAHOCON - ૨૦૧૭ ત્રીજી આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સનું આયોજન કરવામાં આવેલ હતુ. આ કોન્ફરન્સની થીમ 'નિરિક્ષણ, માપણી અને સુધારણા' હતી. કોન્ફરન્સમાં ભારતમાં પ્રાઈવેટ અને સરકારી આરોગ્ય ક્ષેત્રે સતત ગુણવત્તા સુધારણા અંતર્ગત કામગીરી કરતા આશરે ૫૦ વર્ષથી ઓછી ઉંમરના આરોગ્ય કાર્યકરો પાસેથી "યંગ ક્વોલીટી અચીવર એવોર્ડ -૨૦૧૭ માટે અજીપત્રક મંગાવવામાં આવેલ હતાં. જેમાં સમગ્ર ભારતમાંથી પ્રાઈવેટ અને સરકારી આરોગ્ય ક્ષેત્રમાંથી ફક્ત ૨૫ અજીપત્રકો માન્ય રાખવામાં આવેલ હતાં. "યંગ ક્વોલીટી અચીવર એવોર્ડ' કમિટી દ્વારા દરેક અરજીનું બારીકાઈથી મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું અને તે મૂલ્યાંકન કર્યા બાદ કમિટી દ્વારા ડૉ. જે. એલ. મીના, સ્ટેટ ક્વોલીટી એશ્યોરન્સ મેડીકલ ઓફીસર, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકારને પ્રથમ સ્થાન આપીને "યંગ ક્વોલીટી અચીવર એવોર્ડ - ૨૦૧૭ માટે પસંદગી કરવામાં આવેલ હતી.

આ "યંગ ક્વોલીટી અચીવર એવોર્ડ-૨૦૧૭" એવોર્ડ ડૉ. ગિરધર જ્ઞાની, એક્સ. સેક્રેટરી જનરલ, ક્વોલીટી કાઉન્સીલ ઓફ ઈન્ડીયા, ડૉ. હરીશ નાથકર્ની, સીઈઓ, એન.એ.બી.એચ. અને એવોર્ડ કમિટીના તમામ સભ્યો દ્વારા ડૉ. જે. એલ. મીનાને આપવામાં આવેલ છે.

# ગુજકેટની એ ગૃપની પરીક્ષામાં ગેરરીતિ ન થાય તે માટે નિષ્પક્ષ અધિકારી નિમવા વિદ્યાર્થીઓ દ્વારા બૉર્ડને રજૂઆત

ગાંધીનગર, તા. ૧૯

એ ગૃપમાં લેવાનારી ગુજકેટ પરીક્ષામાં ગેરરીતિ ન થાય તે માટે નિષ્પક્ષ અધિકારીની નિમણૂંક કરવા માટે માધ્યમિક શિક્ષણ બૉર્ડ સમક્ષ વિદ્યાર્થીઓ દ્વારા વિનંતી કરવામાં આવી છે. આ અંગેન માધ્યમિક શિક્ષણ બૉર્ડના ચૅરમૅનને પાઠવવામાં આવેલા એક પત્રમાં વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કે અત્યાર સુધી ધોરણ-૧૨ પછી બી ગૃપમાં જ ગુજકેટ પરીક્ષા લેવાતી હતી અને આ વર્ષથી એ ગૃપમાં ગુજકેટ પરીક્ષા લેવાની છે. ગુજકેટ પરીક્ષાનું વેઈટેજ ૪૦ ટકા હોવાથી ઘણા જિલ્લાઓમાં શાળા સંચાલકો અને માધ્યમિક શિક્ષણ બૉર્ડના કેટલાક અધિકારીઓ સાંઠ-ગાંઠ કરીને અમુક ચોક્કસ વિદ્યાર્થીઓને પરીક્ષામાં જૂદા ખંડોમાં બેસાડીને પેપર લખાવી દેતા હોય છે. આવી ગેરરીતિ ગુજરાતના અમુક જિલ્લાઓમાં જ થાય છે. જેમ કે રાજકોટ, દાહોદ, પંચમહાલ, ડાંગ, બનાસકાંઠા, કચ્છ અને પોરબંદર.

ભૂતકાળમાં પણ આવી રીતે બી ગૃપમાં લેવાતી ગુજકેટ પરીક્ષામાં ગેરરીતિ થઈ છે. જો ૨૦૧૫માં લેવાયેલી ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષાનાં પરિણામની માધ્યમિક શિક્ષણ બૉર્ડ દ્વારા પ્રગટ થતી મૅરીટ સીડી જોવામાં આવે તો ખ્યાલ આવશે કે તેમાં જે વિદ્યાર્થીનો સાયન્સ થિયરીમાં મેરીટ નંબર ૧થી ૨૦ સુધીમાં હતો તેમાંથી કેટલાક વિદ્યાર્થીઓનો મૅરીટ નંબર ૯૦થી ૧૧૦ સુધી પહોંચી ગયો હતો અને સાયન્સના ચાર સૅમેસ્ટરની થિયરીમાં ઓછા માર્કવાળા વિદ્યાર્થીઓ ગુજકેટ પરીક્ષામાં કરેલી ગેરરીતિના કારણે મેરીટમાં આગળ આવી ગયા હતા. આ કારણે વિદ્યાર્થીઓ દ્વારા ચૅરમૅનને એવી વિનંતી કરવામાં આવી છે કે આ વખતે એ ગૃપમાં લેવાનારી ગુજકેટ પરીક્ષામાં ગેરરીતિ ના થાય તે માટે અગાઉથી નિષ્પક્ષ અધિકારીઓની નિમણૂંક કરવામાં આવે અને આવાં સૅન્ટર્સની ગુપ્ત મુલાકાત પરીક્ષાના દિવસે અથવા તેના એક-બે દિવસ પહેલાં લેવામાં આવે. આમ કરવામાં આવશે તો ગેરરીતિ અટકી જશે અને માધ્યમિક શિક્ષણ બૉર્ડ અને સરકારની બદનામી નહીં થાય, એમ વિદ્યાર્થીઓએ આ અરજીમાં જણાવ્યું છે.

## ડાયરેક્ટ સે

માણસ પર વિશ્વાસ મૂકતા પહેલાં એને ઓળખતાં શીખો.

કારણ કે આપણે એવા દેશમાં રહીએ છીએ જ્યાં સાચા લીંબુના પાણીથી હાથ ધોવાય છે અને આર્ટીફિશીયલ લીંબુ ફલેવર પીવામાં વપરાય છે.

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મ-દિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક





શ્રી ગજાનન સેવા સમિતિદ્વારા દહેગામ તાલુકામાં દેવકરણના મુવાડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ યોજના હેઠળ સોમવારે ગાંધીનગરનાં ડૉ. વૈદેહી તટુ દ્વારા ૫૫ સગર્ભા બહેનોને તપાસી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મૅડિકલ ઑફિસર તથા સ્ટાફનો સહયોગ આ સેવાકાર્ય માટે પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે ગાયત્રી પરિવારના મફતભાઈ વાઘેલા દ્વારા શાસ્ત્રોક્ત રીતે ત્રણ બૅચમાં ૩૦ બહેનોને ગર્ભાધાન સંસ્કાર કરાવવામાં આવ્યા હતા. આ માટે ડૉ. અતુલ પંડ્યાએ પોતાની સેવાઓ આપી હતી.

# ગુજરાત યુનિ.માં પરીક્ષા નિયામકની ભરતી નિયમો વિરુધ્ધ થયાની ફરિયાદ

ગાંધીનગર, તા. ૧૯

ગુજરાત યુનિવર્સિટીમાં છેલ્લા દોઢથી બે વર્ષમાં કરાયેલી ભરતીમાં મોટાભાગની જગ્યાઓ પર નિયમોનો સરેઆમ ભંગ કરવામાં આવ્યો હોવાની વિગતો બહાર આવી છે. આશ્ચર્યની વાત એ કે નિયમોનો ભંગ કરવામાં પરીક્ષા નિયામકની જગ્યા પર બાકાત નથી. આગામી દિવસોમાં તમામ ભરતીના મુદ્દે કોર્ટ કેસ થાય તેવી પણ શકયતાંઓ ઉભી થઈ છે.

યુનિવર્સિટીમાં છેલ્લા ૬ માસમાં કરાયેલી ભરતીમાં માત્ર લાગવગશાહી અને સગાવાદ ચલાવવામાં આવ્યો છે. એટલે કે સુધી લાગવગશાહી ચાલી હતી કે અનેક જગ્યાઓમાં જે તે વ્યકિતની નિમણૂક કરી દેવાયા પછી છેલ્લાઘડીએ નામો બદલી નાંખવામાં આવ્યા હતા. સૂત્રો કહે છે પરીક્ષા નિયામકની જગ્યા ભરવા માટે પણ આજ રીતે નિયમોનો છેદ ઉડાડી દેવાયો હતો. યુજીસીન નિયમ પ્રમાણે ૭ હજારનો ગ્રેડ પે ધરાવતાં હોય તેવા ઉમેદવારને ૧૫ વર્ષ અને ૮ થી ૧૦ હજારનો ગ્રેડ પે ધરાવતાં હોય તેમને ૮ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. આજ જગ્યા માટે પસંદ થયેલા ઉમેદવાર અગાઉ સ્વનિર્ભર કોલેજ ત્યારબાદ ૩૫ હજાર ફીક્સ પગાર દર્શાવ્યો હતો. ૨૦૧૨માં ૩૭૪૦૦ પગાર એટલે કે ૮ થી ૧૦ હજાર ગ્રેડ પે દર્શાવ્યો હતો. એટલે આ ઉમેદવારનો અનુભવ ૨૦૧૨થી ગણતરીમાં લેવામાં આવે તો ૨૬મી જુલાઈ ૨૦૧૬માં ભરતી થઈ ત્યાંસુધી તેઓ ૮ વર્ષનો અનુભવ ધરાવતા નહોતા.

# માનવીય પ્રેમનું ફલક : અનહદ, અનર્ગલ, અસીમ

અમે બે સહકર્મચારી મિત્રો બે -ત્રણ દિવસ ઓફિસ કામ માટે એક શહેરની મુલાકાતે ગયા. એક દિવસ સાંજના સમયે થોડો ફાજલ સમય હતો એટલે મિત્ર કહે, "ચાલો એક મિત્રને ઘેર જઈએ, મજા આવશે." અમે બન્ને મિત્રને ઘેર ગયા. યજમાનને હું પણ ઓળખતો હતો પણ મારે મિત્ર જેવી ગાઢ મિત્રતા નહીં. યજમાન દંપતીએ અમારી ખૂબ જ પ્રેમથી આગતા-સ્વાગતા કરી અને અમે સૌ અલક-મલકની વાતોમાં ડૂબી ગયા.

વાતચીતનો દોર ચાલુ હતો તે દરમિયાન મારા મિત્રએ યજમાન દંપતીને કોઈના વિષે ખબર પૂછતાં કહ્યું કે "ઘરમાં એ કેમ દેખાતો નથી ?" (જેના વિષે પૂછ્યું હતું તેનું નામ આજે યાદ નથી) પ્રશ્ન સાંભળીને યજમાન દંપતીના ચહેરા ઉપરનું નૂર ઊડી ગયું અને ગંભીરતા છવાઈ ગઈ. ખુશહાલ વાતચીતનો દોર તૂટી ગયો. યજમાન મિત્રના પત્નીએ ગંભીરતાથી વાતનો દોર પોતાના હાથમાં લીધો.

જેના વિષે પૂછ્યું હતું તેની લાંબી કથા યજમાન મિત્રનાં પત્નીના મોઢેથી ગંભીરતાથી કહેવાઈ. 'એ કેવી રીતે ખાતો હતો, એ કેવી રીતે પીતો હતો, એ પોતાની માગણીઓ અને લાગણીઓ કેવી રીતે વ્યક્ત કરતો હતો, મહેમાનો આવે તો એ કેવું વર્તન કરતો હતો....' યજમાન દંપતીના ચહેરાઓ ઉપરની ગંભીરતા ધીમે ધીમે વધતી ગઈ. વાત આગળ ચાલતી રહી. જેના વિષે મારા મિત્રએ પ્રશ્ન પૂછ્યો હતો તેને જીવનના છેલ્લા પાંચ-સાત દિવસની એક-એક હરકતો વિષે યજમાન દંપતીએ બારીકાઈથી વર્ણન કર્યું. છેલ્લા દિવસો દરમિયાન યજમાન દંપતી સાથેનો તેનો પ્રેમલાપ, માંદગી હોવા છતાં તેની નિયમિતતા, ખબર પૂછવા આવનાર મહેમાનો સાથેનો તેનો સાલસ વ્યવહાર અને તેની લાચારી. છેલ્લા બે-એક દિવસ તેણે ખોરાક પણ ત્યજી દીધો હતો તેની વાત પણ કરી. છેલ્લા દિવસે એ કેટલો પીડાતો હતો, તેના ચહેરા ઉપર જીવવા માટેની કેવી જિજીવિષા દેખાતી હતી એની પણ વાત કરી. છેલ્લે, એ કેવી રીતે મૃત્યુ પામ્યો એ વાત કરી ત્યારે યજમાન દંપતિની આંખોમાથી જાણે આંસુઓનો દરિયો વહેતો હતો.

વાત પૂરી થઈ. બધાએ પાણી પીધું. થોડા સ્વસ્થ થયા.

યજમાન દંપતી અમે જે ડ્રોઈંગ રૂમમાં બેઠા હતા ત્યાંથી ઉઠ્યું અને ઘરની જ 'ઓપન ટુ સ્કાય' જગ્યા તરફ ગયા. અમને પણ ત્યાં આવવા કહ્યું. 'ઓપન ટુ સ્કાય' જગ્યામાં એક નાનો ઓટલો હતો. એ ઓટલા ઉપર વ્યવસ્થિત રીતે ફૂલો પધરાવેલા હતા અને ઓટલા ઉપર એક દીવો પ્રગટાવેલો હતો. એ મૃતાત્માની સમાધી હતી.

મૃતાત્માની સમાધી ઘરમાં જ 'ઓપન તો સ્કાય' જગ્યામાં જ બનાવવાનું કારણ પૂછ્યું તો યજમાન દંપતીએ કહ્યું કે મૃતાત્મા પ્રત્યેનો પોતાનો પ્રેમ પ્રગટ કરવા અને ખાસ તો મૃતાત્મા પોતાની સાથે જ છે, પોતાનાથી દૂર નથી એવી સતત અનુભૂતી થયા કરે એ કારણ થી ઘરમાં જ સમાધી બનાવી.



આ પ્રકારનો અનુભવ મને પહેલી વાર થયો. આ પ્રકારની લાગણીઓનો પ્રત્યક્ષ રીતે મને પહેલીવાર અહેસાસ થયો. મારા મિત્રએ જેના વિષે ખબર પૂછ્યા હતા, યજમાન દંપતીએ ખૂબ જ ભાવ વિભોર થઈને જેની ગાથા કહી હતી, જેના મૃત્યુ પછી એક




vamlani@yahoo.co.uk

કુટુંબનું સભ્ય ખોયું હોય એવી લાગણી યજમાન દંપતીને થઈ હતી, જેના મૃત્યુ પછી તેની સમાધી યજમાન દંપતીએ ઘરમાં જ બનાવી હતી, એ કોઈ માનવી ના હતો પણ યજમાન દંપતીનો પાળેલો કૂતરો હતો.

યજમાન દંપતીને એ કૂતરા સાથે એક દીકરા જેવો લાગણીનો તંતુ બંધાઈ ગયો હતો. એ કૂતરો એ દંપતી સાથે કેટલો સમય રહ્યો હતો એ ખબર નથી પણ લાગણીના તંતુઓ કે પ્રેમ બંધનમાં બે જીવ કેટલો સમય સાથે રહ્યા એના કરતાં કેવી રીતે સાથે રહ્યા અને કેટલા પ્રેમભાવથી સાથે રહ્યા એ વધારે મહત્ત્વનું છે.

માણસનો માણસ સાથે લાગણીનો તંતુ બંધાઈ જાય એ સ્વાભાવિક છે કારણ કે માણસ સાથે લાગણીઓ વ્યકત કરવા માટે બોલચાલની ભાષા છે. માણસના ગમા-અણગમા, પસંદ-નાપસંદ, પ્રેમ-નફરતને સરળતાથી જાણી શકાય છે. પ્રાણીઓ પાસે બોલચાલની ભાષા નથી. હા, પ્રાણીઓ પાસે પોતાની લાગણીઓ વ્યક્ત કરવા માટે શરીરની ભાષા છે જે ખૂબ જ અસરકારક છે પણ એ ભાષા બધા જ લોકો સરળતાથી સમજી શકતા નથી. પ્રાણીઓ પોતાની આંખો દ્વારા પણ પોતાની લાગણીઓ બહુ જ સરળતાથી અસરકારક રીતે વ્યક્ત કરી શકે છે જે સમજવી મુશ્કેલ છે પણ અશક્ય તો નથી જ. જે વ્યક્તિ પ્રાણીઓ દ્વારા વ્યક્ત થતી લાગણીઓ સમજી શકે તે વ્યક્તિ માનવી દ્વારા વ્યક્ત થયેલી લાગણીઓને તો સમજી જ શકે, કદાચ વધારે સારી રીતે.

પ્રાણીઓ છલોછલ પ્રેમથી ભરેલાં હોય છે. તેઓ ભરોસાપાત્ર પણ હોય છે. માણસની લાગણી વ્યક્ત કરવાની ભાષા પ્રાણીઓ પણ સારી રીતે સમજી શકે છે. માણસની આંખ અને નઝર, માણસની શરીરની ભાષા, અને માણસના સ્પર્શ દ્વારા વ્યકત થતી લાગણી, પ્રેમ કે નફરત કે ઘૃણાને તેઓ સારી રીતે ઓળખી શકે છે. તેઓને જ્યાં પ્રેમ મળે છે ત્યાં તેઓ હરખભેર દોડી જાય છે. આપણે સૌ જાણીએ છીએ કે પ્રાણીઓ વફાદાર પણ હોય છે અને કૃતજ્ઞતા પણ વ્યક્ત કરી શકે છે. પ્રાણીઓ ક્યારેય સ્વાંગ પહેરીને કોઈ જ પ્રકારનો ઢોંગ નથી કરી શકતા. જે લોકો પ્રાણીઓનો ભરોસો, તેમનો પ્રેમ, તેમની વફાદારી, તેઓની કૃતજ્ઞતા અને તેઓના માનવી પ્રત્યેના પ્રેમને પારખી શકે છે એ જ લોકો પ્રાણીઓને પ્રેમ કરી શકે છે.

પ્રાણીઓની વફાદારીમાં લેણ-દેણના કોઈ હિસાબો નથી હોતા. તેઓનો પ્રેમ બિનશરતી હોય છે. એટલે જ પ્રાણીશાસ્ત્રના નિષ્ણાતોએ તેઓના પ્રેમને સંપૂર્ણ કહ્યો છે. ઈસ૧૯૨૧માં સાહિત્યનું નોબેલ પ્રાઈઝ મેળવનાર મહાન સાહિત્યકાર એનેટોલ ફ્રાંસ તો એવું પણ કહે છે કે જ્યાં સુધી તમે કોઈ પ્રાણીને સચ્ચાઈથી પ્રેમ નથી કર્યો ત્યાં સુધી તમારા આત્માનો કેટલોક ભાગ અજાગૃત રહી જાય છે. માનવીએ પોતાના આત્માને, પોતાના આત્માની અંદરના પ્રેમ તત્ત્વને સંપર્ણ જાગૃત કરવા માટે, પોતાના પ્રેમનું ફલક માનવીથી આગળ વિસ્તરવું પડે, પોતાના પ્રેમની ક્ષિતિજોને વિસ્તારવી પડે કે પ્રેમની સીમાઓને ઓળંગવી પડે.

માણસ સાથેના માણસનાં વર્તન અને વ્યવહાર તો સમજી શકાય, પણ કોઈ માણસ પ્રાણી સાથે કેવો વ્યવહાર અને વર્તન કરે છે, પ્રાણીઓ સાથે પોતાનો અભિગમ કેવો રાખે છે તેના આધારે એ વ્યકિતની મહાનતા કે તેનો અધ્યાત્મિક વિકાસ નક્કી થાય છે.

પ્રેમ વ્યક્ત કરવાની કોઈ જ સીમા નથી હોતી, કોઈ જ ક્ષિતિજો નથી હોતી, કોઈ જ પરાકાષ્ઠા નથી હોતી. માણસનો એ પ્રેમ માણસ પ્રત્યેનો હોય કે પછી પ્રાણીઓ પ્રત્યેનો હોય. પ્રેમ થકી જ માણસ 'જીવથી શિવ' સુધી પહોંચી શકે છે. એ સિદ્ધિ પ્રાપ્ત કરવા માટે માણસે અનહદ, અનર્ગલ, અસીમ પ્રેમ કરતાં શીખવું જ રહ્યું.

# પી. જી. મેડિકલની ૧૩૯૦ બેઠકોનું મેરિટ એકાદ દિવસમાં

ગાંધીનગર, તા. ૧૯

પી.જી.મેડિકલમાં પ્રવેશ માટે છેલ્લા કેટલાય સમયથી ભારે વિવાદ ચાલતો હતો. સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા બાદ હવે આગામી દિવસોમાં પ્રવેશ માટે મેરીટયાદી જાહેર કરી દેવામાં આવશે. પ્રેફરન્સ અને પ્રેફરન્સ વગર પ્રવેશના મુદ્દે વિદ્યાર્થીઓના બે જૂથો વચ્ચે ચાલતાં વિવાદમા સુપ્રીમ કોર્ટના ચુકાદાના પગલે હવે બન્ને પક્ષે મહદઅંશે વિરોધ ઓછો થાય તેવી સ્થિતિ ઉભી થઇ છે. આગામી બે દિવસમાં ઓનલાઈન પ્રવેશ સમિતિ દ્વારા ૨૧૭૪ જેટલા વિદ્યાર્થીઓનું મેરીટલીસ્ટ જાહેર કરી દેવામાં આવશે. જેના આધારે આગામી દિવસોમાં પ્રવેશ પ્રક્રિયા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવશે.

પી.જી.મેડિકલમાં નીટના આધારે જ પ્રવેશ પ્રક્રિયા થવાની જાહેરાત બાદ ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓએ વર્ષોથી ચાલી આવતી પ્રેફરન્સ પધ્ધતિ પ્રમાણે જ કાર્યવાહી કરવાની માંગણી શરૂ કરી હતી. જેની સામે અન્ય યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓએ પી.જી.મેડિકલ અને ડેન્ટલની બેઠક પર કોઈપણ પ્રકારના પ્રેફરન્સ વગર જ પ્રવેશ આપવો જોઈએ તેવી માંગણી સાથે આંદોલન શરૂ કર્યુ હતુ. રજૂઆત, દેખાવો અને પ્રદર્શન બાદ આખરે કોર્ટમાં રીટ પણ કરવામાં આવી હતી. આ ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓ સુપ્રીમ કોર્ટમાં આ મુદ્દે રીટ કરી હતી.

સુપ્રીમ કોર્ટ દ્વારા ૨૫ ટકા બેઠક પર પ્રેફરન્સ આપવા નિર્દેશન કરવામા આવ્યો છે. આ અંગે પ્રવેશ સમિતિના સૂત્રો કે છે સુપ્રીમ કોર્ટના નિર્દેશ પ્રમાણે ઓલ ઈન્ડિયા કવોટાની બેઠકો બાદ કરતાં યુનિવર્સિટી પાસે જે બેઠકો ઉપલબ્ધ રહેશે તેમાંથી ૨૫ ટકા બેઠકો પર યુનિવર્સિટી પ્રેફરન્સ આપવામાં આવશે. આ માટે ઉદાહરણ આપતાં પ્રવેશ સમિતિના સત્તાધીશો કહે છે ૧૦૦ બેઠકો બાકી રહેતી હોય તો ૨૫ બેઠકો પર યુનિવર્સિટી પ્રેફરન્સ આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટના નિર્ણયના કારણે પ્રેફરન્સની માંગણી કરતાં વિદ્યાર્થીઓના કહેવા પ્રમાણે અમે પ્રેફરન્સની માંગણી સાથે આંદોલન શરૂ કર્યુ હતુ. હવે સુપ્રીમ કોર્ટે ૨૫ ટકા બેઠકો પર પ્રેફરન્સ આપતાં અમને સંતોષ છે. જે વિદ્યાર્થીઓ તમામ પ્રવેશ પ્રક્રિયા પ્રેફરન્સ વગર કરવાની માંગણી કરી હતી તેઓને પણ આ નિર્ણયથી સંતોષ થાય તેમ છે. આમ, સુપ્રીમ કોર્ટના આદેશના કારણે હવે પી.જી.ના વિદ્યાર્થીઓમાં કોઈ વિવાદ રહેતો નથી તેવુ માનીને પ્રવેશ સમિતિ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. આગામી બે દિવસમાં મેરીટ લીસ્ટ જાહેર કરવામાં આવશે ત્યારબાદ પ્રવેશ પ્રક્રિયાનુ શીડ્યુલ જાહેર કરાશે. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ ગુજરાત યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ હિમાંશુ પંડયાને પુછતાં તેઓએ કહ્યુ કે સુપ્રીમ કોર્ટે આપેલા ચુકાદા પ્રમાણેજ પ્રવેશ પ્રક્રિયા કરવામાં આવશે.